**ક્રિમીનલ અપીલ નં. ૧૬૨/૨૦૨૪**

## –: આંક–૦૪ ની અરજી લગત હુકમ :–

– અરજદારની અરજી વંચાણે લીધી તથા વિ.વ.શ્રી.ઓને સાંભળ્યા. વિવાદી/આરોપીએ રૂા. ૧૫,૦૦૦/–(અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના સધ્ધર જામીન રજુ કર્યેથી તેમજ તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કર્યેથી જામીન મુકત કરવા. વિવાદી/આરોપીએ નીચેની શરતોનું પાલન કરવું જેથી નીચેની કોર્ટનો સજાનો હુકમ સહીતનો આખરી હુકમનો અમલ આ અપીલના આખરી નિર્ણય સુધી મોકુફ રાખવાનો હુકમ કરવામાં આવે છે. વિવાદી/આરોપીએ જામીન નીચેની કોર્ટમાં આપવાના રહેશે.

## –: શરતો :–

(૧) વિવાદી/આરોપીએ નવા સુધારા મુજબ ચેકની / વળતરની રકમની ૨૦% રકમ ટ્રાયલ કોર્ટમાં દિન–૧૫ (પંદર) માં ડીપોઝીટ કરાવવી.

(૨) વિવાદી/આરોપીએ અપીલની ટ્રાયલ વખતે નિયમીત નામ.કોર્ટમાં હાજર રહેવું.

(૩) વિવાદી/આરોપીએ પોતાનું કાયમી સરનામું તથા જો મોબાઈલ નંબર ધરાવતા હોય તો મોબાઈલ ફોનનો નંબર રજુ કરવો અને તે અદાલતની પુર્વ પરવાનગી વગર બદલવો નહીં. વિવાદી/આરોપીએ રજુ કરેલ આ અપીલની ટ્રાયલ દરમિયાન તેમનું કાયમી સરનામું ગણાશે.

– સંબંધિત અદાલતે વળતરની રકમ જમા થયેથી બીજો હુકમ ના થાય ત્યાં સુધી રાષ્ટ્રીય બેંકમાં ફીકસ ડીપોઝીટ તરીકે રાખવી.

હુકમ આજ રોજ તા. **૨૬ મી,** માહે **નવેમ્બર,** સને **૨૦૨૪** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૬/૧૧/૨૦૨૪
સ્થળ : પાટણ

**(બીપીન કે. બારોટ)**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ,
જજ કોડ નં.જી.જે.૦૦૫૬૬
પાટણ

**RAJ.**